# આજે લોકશાહીનો જંગ: સવારે સાતના ટકોરે મતદાન

**બારડોલીમાં** નગર અને તાલુકામાં 1.39 લાખથી વધુ મતદાર 151 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે

બારડોલી, વાંકલ: બારડોલી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર અને રાજકીય પક્ષો સંપૂર્ણ સજ્જ છે. આ ચૂંટણીમાં હજારો મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને સ્થાનિક નેતૃત્વ પસંદ કરશે. સવારે સાત વાગ્યાના ટકોરે મતદાન શરૂ થશે અને સાંજે 6 વાગ્યા સુધી મતદાન કરી શકાશે.

સુરત જિ.પં.ની ૩૩ બેઠક, તા.પં.ની ૧૮૮ બેઠક અને નગરપાલિકાની ૧૧૬ બેઠક માટે કુલ ૧૧૬૦ બૂથ પર મતદાન યોજાનાર છે. બારડોલીમાં પણ ચૂંટણીને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. બારડોલી નગરપાલિકાના ૯ વોર્ડની ૩૪ બેઠક માટે કુલ ૨૬૩ પોલિંગ સ્ટાફ ફરજ પર તૈનાત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, બારડોલી તાલુકામાં સુરત જિલ્લા પંચાયતની ૫ બેઠક અને તાલુકા પંચાયતની ૨૨ બેઠક માટે ૭૭૫ પોલિંગ સ્ટાફ ફરજ બજાવશે. બારડોલી તાલુકા પંચાયતની કુલ 22 બેઠક પૈકી 21 બેઠકો પર રવિવારે મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં કુલ 58 ઉમેદવાર મેદાનમાં છે. જેઓ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. બીજી તરફ જિલ્લા પંચાયતની 5 બેઠક પર પણ મતદાન યોજાશે, જેમાં 14 ઉમેદવાર વચ્ચે મુકાબલો છે. આ બંને ચૂંટણીમાં મળીને કુલ 98,121 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે. બારડોલી નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. નગરપાલિકાની કુલ 36 બેઠક પૈકી 34 બેઠકો પર મતદાન યોજાશે, જ્યારે બે બેઠક બિનહરીફ જાહેર કરવામાં આવી છે. અહીં 41,682 મતદાર નોંધાયેલા છે, જેઓ આજે રવિવારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. નગરપાલિકાની આ 34 બેઠક માટે કુલ 79 ઉમેદવાર મેદાનમાં છે, જેમના વચ્ચે ખરાખરીનો જંગ જામવાની શક્યતા છે. મતદાન શરૂ થતાની સાથે જ તમામ ઉમેદવારોની પ્રતિષ્ઠા દાવ પર લાગી જશે અને મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોના ભાવિ EVMમાં સીલ થઈ જશે.

શનિવારના રોજ બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલ ખાતેથી નગરપાલિકાની ૩૪ બેઠક માટે તેમજ કન્યા વિદ્યાલય અસ્તાન ખાતેથી જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઈવીએમ મશીન અને ચૂંટણી સાહિત્યની ફાળવણી કરવામાં આવી હતી. સુરત ગ્રામ્ય પોલીસે ૨૭૦૫ પોલીસ જવાનનો કાફલો મેદાનમાં ઉતાર્યો છે, જેમાં ૧૧૫૭ પોલીસ, ૧૪૫૨ હોમગાર્ડ તથા જીઆરડી જવાનો, ૩૪ વનપાલ અને એસઆરપીના જવાનોનો સમાવેશ થાય છે. શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે કુલ ૧૫૧ વાહનો કાર્યરત છે, જેમાં ૫૭ સરકારી અને ૯૪ રિક્વિઝિટ વાહનો સામેલ છે. વધુમાં ૨૦ વિડીયો કેમેરા અને ૧૦૭ બોડીબોર્ન કેમેરા દ્વારા મતદાન પ્રક્રિયા પર નજર રાખવામાં આવશે. સુરક્ષાના ભાગરૂપે ૧૬ ક્યુઆરટી ટીમ અને ૭૭ સેક્ટર પોલીસ મોબાઈલ વાહનો પણ પેટ્રોલિંગ કરશે.

સુરત ગ્રામ્ય પોલીસે ૯ પાસા દરખાસ્ત અને ૯૧ તડીપાર દરખાસ્તો મંજૂર કરી છે, તેમજ અન્ય ૮૩૦૪ અટકાયતી પગલાં લીધાં છે. ઉપરાંત નાસતા-ફરતા ૩૦ આરોપીને પણ ઝડપી પાડવામાં આવ્યા છે.

માંગરોળ તાલુકામાં જિલ્લા પંચાયતની 5 બેઠક અને તાલુકા પંચાયતની 24 બેઠકનાં મતદાન મથક ઉપર ચૂંટણી સ્ટાફ રવાના કરાયો હતો, જેમાં 161 મતદાન મથક પર પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, ચૂંટણી સ્ટાફ તેમજ EVM મશીનો, સાહિત્યો સાથેનો સ્ટાફ રવાના કરાયો હતો.



## માંડવી-અરેઠમાં 39 બેઠક માટે 119 ઉમેદવાર વચ્ચે ત્રિપાંખિયો જંગ



હિતેશ પટેલ

માંડવી: માંડવી-અરેઠ વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચી ગયો છે. કુલ 39 બેઠક માટે 119 ઉમેદવાર મેદાનમાં ઊતરતા ત્રિપાંખિયો મહાસંગ્રામ જામશે. આજે ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય મતપેટીમાં બંધાઈ જશે, જ્યારે તા.28 એપ્રિલે યોજાનારી મતગણતરી બાદ અંતિમ ચિત્ર સ્પષ્ટ બનશે. માંડવી તાલુકા પંચાયતની 18 બેઠકો માટે 56 ઉમેદવારો, અરેઠ તાલુકા પંચાયતની 16 બેઠક માટે 48 ઉમેદવાર અને જિલ્લા પંચાયતની 5 બેઠક માટે 15 ઉમેદવાર વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે, જેના કારણે ચૂંટણી વધુ રસપ્રદ બની છે. સમગ્ર વિસ્તારમાં 188 મતદાનમથક ઊભા કરવામાં આવ્યાં છે, જ્યાં 430 EVM મશીનો દ્વારા મતદાન યોજાશે. આ કામગીરી માટે 1200 પોલિંગ સ્ટાફ સાથે 27 ઝોનલ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 375 પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. આ કામગીરી ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કૌશિક જાદવની નેજા હેઠળ મદદનીશ ચૂંટણી અધિકારીઅને મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રી અને અરેઠ તાલુકા પંચાયત ટીડીઓ રવિન્દ્રસિંહ સોલંકી ફરજ બજાવી રહ્યા છે.

## કામરેજ તાલુકાની 18 બેઠક, જિ.પં.ની 4 બેઠક પર ચૂંટણી યોજાશે

કામરેજ: રવિવારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કામરેજ તાલુકાની 18 બેઠક, જ્યારે જિલ્લા પંચાયતની 4 બેઠક માટેની ચૂંટણીમાં તાલુકામાં અલગ અલગ 175 બુથ પર ઈવીએમ મશીનો તેમજ સાહિત્યની શનિવારના રોજ ખોલવડવાલા કોલેજના ગ્રાઉન્ડમાં ફાળવણી કરવામાં આવી હતી, જેમાં 21 ઝોનલ રૂટ માટે 60 વાહન 982 સ્ટાફ તેમજ 400 રિઝર્વ સ્ટાફ સહિત આવી કાળઝાળ ગરમીના લઈને 200 આરોગ્યકર્મીની ફાળવણી કરવામાં આવી છે. પોલીસ, હોમગાર્ડ, જી.આર.ડી., એસ.આર.પી.એફ. સહિતનો સ્ટાફ પણ ખડેપગે રહેશે.

## તાપીનો ગઢ સર કરવા ભાજપ, કોંગ્રેસ અને આપ ચૂંટણી મેદાને

178 બેઠક પર કુલ 501 ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થશે

વ્યારા: તાપી જિલ્લામાં વ્યારા નગર પાલિકામાં 5 વોર્ડમાં 19 બેઠક સહિત તાપી જિલ્લા પંચાયતની 26 અને જિલ્લાનાં 8 તાલુકા પંચાયતની 133 બેઠકની ચૂંટણી માટે કુલ 755 મતદાન મથક પર કુલ 5,92,361 મતદારો મતદાન કરશે. છેલ્લી ટર્મમાં ભાજપની તાપી જિલ્લા પંચાયત પર સૌપ્રથમ વખત જીત થઈ હતી અને દેશની આઝાદી બાદ જિલ્લામાં પ્રથમ વખત ભાજપ સત્તાની ખુરશી પર બેઠું હતું. જ્યારે વ્યારા નગર પાલિકામાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યું હતું. જે ચૂંટણીમાં કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાયો હતો, જેમાં આમ આદમી પાર્ટીને કારણે કોંગ્રેસને સીધું નુકસાન થયું હતું અને કોંગ્રેસને જિલ્લામાંથી સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો.

જેને કારણે 2022 વિધાનસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસે વ્યારા અને નિઝર વિધાનસભા બેઠક ગુમાવી હતી. ત્યારે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કોંગ્રેસ માટે જિલ્લામાં ફરી સત્તા પર વાપસી કરવા મેદાનમાં ઊતરી છે. જ્યારે ભાજપ વ્યારા નગર પાલિકા સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સત્તા જાળવી રાખવા ચૂંટણી મેદાનમાં ઊતર્યું છે. આ ઉપરાંત આમ આદમી પાર્ટી જિલ્લામાં સત્તા પર પગપેસારો કરવા ઊતરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ભાજપ તાપી જિલ્લા પંચાયત સહિત વ્યારા અને નિઝર વિધાનસભા બેઠક કબજે કરવામાં સફળ રહ્યું હતું. ત્યારે આ વખતની આ ચૂંટણી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે. જ્યારે ભાજપ માટે આ ચૂંટણી તાપી જિલ્લામાં શાસન ટકાવી રાખવાની જંગ બની રહેશે. આમ આદમી પાર્ટીની અહીં તાપી જિલ્લામાં સત્તાનો પગપેસારો કરવાની મથામણ કેટલી કારગર સાબિત થાય છે તે ચૂંટણી પરિણામ દરમિયાન જ ખબર પડશે.

## સુરત જિ.પં.ની પીપોદરા સીટ પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જંગ

હથોડા: આજે 26મી ને રવિવારે યોજાનારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પૈકી સુરત જિલ્લા પંચાયતની પીપોદરા સીટ પર કોંગ્રેસ-ભાજપ વચ્ચે સીધો ચૂંટણી જંગ ખેલાશે. બંને પક્ષે એડીચોટીનું જોર લગાવી પ્રચાર દરમિયાન બંને પક્ષને મતદારો તરફથી સરખો પ્રતિસાદ મળતાં કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષ હાલ અતિ ઉત્સાહમાં જણાય છે અને આજે રવિવારે યોજાનારી પીપોદરા સીટની ચૂંટણીમાં મતદારો પણ સાચો ઉમેદવાર પસંદ કરવા માટે કટિબદ્ધ હોય તેમ જણાય છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની યોજાનારી ચૂંટણીમાં સુરત જિલ્લા પંચાયતના પીપોદરા સીટની યોજનાની ચૂંટણી પર સૌ કોઈની નજર મંડાઈ છે. કારણ કે, અન્ય વિસ્તારમાં કોંગ્રેસી ઉમેદવારને ભાજપ પક્ષ દ્વારા પાણીમાં બેસાડી દઈ સીટ કબજે કરવામાં સફળ થયા હતા. જ્યારે સુરત જિલ્લા પંચાયતની પીપોદરા સીટ પર કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષ દ્વારા અડીખમ રહેતાં આજે ચૂંટણીનો મહાસંગ્રામ ખેલાશે. અને વિસ્તારના હજારો મતદારો પોતાનો કોઈ ઈમાનદાર ઉમેદવારને ચૂંટવા માટે ગુપ્ત મતદાન કરશે.

ચૂંટણી કાર્યને હેમખેમ પાર પાડવા માટે સુરત જિલ્લા પોલીસ વડાએ તમામ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

## રાજપીપળા પાલિકા, જિલ્લા તા.પં.ની ચૂંટણી માટે 4.15 લાખ મતદાર મતદાન કરશે



દીપલ સોની

રાજપીપળા, સાગબારા: નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ રાજપીપલા નગરપાલિકાની ચૂંટણી અનુસંધાને રવિવારે મતદાન યોજાનાર છે. રાજપીપળા પાલિકા અને જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે 4,15,704 મતદાર મતદાન કરશે. તે સંદર્ભે શનિવારે જિલ્લામાં તમામ મતદાન મથકો માટે ચૂંટણીલક્ષી સાધન સામગ્રીનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું. રાજપીપળા નગરપાલિકા ચૂંટણી હેઠળનાં કુલ ૨૯ મતદાન મથક તેમજ જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના કુલ ૬૦૭ મતદાન મથક માટે કુલ ૭ ડિસ્પેચિંગ-રિસિવિંગ સેન્ટર્સ મારફતે સામગ્રી વિતરણ કરવામાં આવી હતી. રાજપીપળા નગર પાલિકા ચૂંટણી અધિકારી અને નાંદોદ પ્રાંત અધિકારી પરસનજીર કૌરે જણાવ્યું હતું કે, રાજપીપળા નગરપાલિકાના તમામ ૨૯ મતદાન મથક માટે આદર્શ નિવાસી કુમાર શાળા, રાજપીપળા સ્થિત ડિસ્પેચિંગ-રિસિવિંગ સેન્ટર પરથી ચૂંટણીલક્ષી સામગ્રી વિતરણ કરવામાં આવી હતી. જેમાં ૧થી ૫ ઝોનલ રૂટમાં આવતાં મતદાન મથકોનો સમાવેશ કરાયો હતો. સાગબારાનાં 125 પૈકી 14 મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરાયાં છે. આ તમામ મથકો પર સુરક્ષા અને સર્વેલન્સના વધારાના પગલાં લેવામાં આવ્યાં છે. શનિવારે તમામ મતદાન મથકો માટે પોલિંગ ટીમોને રવાના કરવામાં આવી હતી. હાલમાં ચાલી રહેલ ભીષણ ગરમી અને હીટ વેવને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ ગોઠવાઈ છે.

## ‘હદ’ના વિવાદમાં લોકશાહીની બલિ 30 હજાર લોકો મત નહીં આપી શકે!

**અંકલેશ્વર** નોટિફાઇડ એરિયાના લોકોમાં અસંતોષ


**નેતાઓ** માટે ‘વોટબેંક’ નહીં, એટલે સમસ્યાઓનું પણ ‘સમાધાન’ નહીં?

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીના નોટિફાઇડ એરિયામાં વસવાટ કરતા આશરે 30 હજારથી વધુ મતદારો આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન કરી શકશે નહીં. નોટિફાઇડ એરિયા એવા વિસ્તારોને કહેવામાં આવે છે જે સંપૂર્ણ રીતે નગરપાલિકા અથવા ગ્રામ પંચાયતની સીમામાં સમાવિષ્ટ નથી. પરિણામે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે તૈયાર થતી મતદાર યાદીમાં આ વિસ્તારોના રહેવાસીઓનો સમાવેશ થતો નથી. આ કારણસર આ વિસ્તારના લોકો નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત જેવી સ્થાનિક ચૂંટણીમાં મતદાનનો અધિકાર ઉપયોગ કરી શકતા નથી. જ્યારે તેઓ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરે છે. આ વિસ્તારના રહીશોનું કહેવું છે કે તેઓ વર્ષોથી અહીં વસવાટ કરે છે, નિયમિત ટેક્સ ભરે છે અને તમામ નાગરિક ફરજો નિભાવે છે, છતાં પોતાના વિસ્તારના વિકાસ માટે પ્રતિનિધિ પસંદ કરવાની તક મળતી નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તા, પાણી, સફાઈ, ડ્રેનેજ અને મૂળભૂત સુવિધાઓના પ્રશ્નો ઉકેલવા યોગ્ય પ્રતિનિધિત્વ જરૂરી છે. તેથી નોટિફાઇડ એરિયાને સ્થાનિક સ્વરાજ્ય વ્યવસ્થામાં સમાવેશ કરવાની માંગ ઊઠી છે. ભરૂચ કલેક્ટર તથા મુખ્ય ચૂંટણી અધિકારી ગૌરાંગ મકવાણાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટેની મતદાર યાદી અલગ હોય છે અને નોટિફાઇડ એરિયા તેમાં આવતો નથી. જેના કારણે આ વિસ્તારોના મતદારો સ્થાનિક ચૂંટણીમાં મતદાન કરી શકતા નથી. નાગરિકોએ સરકાર સમક્ષ માંગ કરી છે કે, નોટિફાઇડ એરિયાને નગરપાલિકા અથવા પંચાયત સીમામાં સામેલ કરવામાં આવે અથવા રહેવાસીઓને સ્થાનિક ચૂંટણીમાં મતાધિકાર આપવામાં આવે. રાજ્યભરમાં મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ અંકલેશ્વરના હજારો નાગરિકો માટે આ ચૂંટણી માત્ર દર્શક બનીને જોવાની પરિસ્થિતિ સર્જાઈ છે. હવે સરકાર આ મુદ્દે શું નિર્ણય લે છે તે પર સૌની નજર છે.

## ૨૮ કિ.મી.નો ફેરો: ખાપરના ૧૫૦ મતદાર માટે મતાધિકાર એક સજા!

**મોંઘુંદાટ** મતદાન, ૧૫૦ મતદારને મત આપવા ૧૫,૦૦૦ રૂપિયાનો ફટકો

**ભરૂચના** આ ગામમાં નથી વીજળી, નથી શાળા કે નથી રસ્તા



ભરૂચ: ભરૂચ જિલ્લાના કરજણ નદી કાંઠે વસેલા ખાપર ગામના મતદારો માટે મતાધિકારનો ઉપયોગ કરવો એ આર્થિક અને શારીરિક રીતે પડકારજનક બની રહ્યો છે. આ ગામના લોકોને ત્રણ દાયકાથી મતદાન માટે 28 કિ.મી. દૂર આવેલા કાકરાપાડા, આંબાવાડી અને ડાભવણ ગામે જવું પડે છે. આ વખતે પણ રવિવારે ગામના લગભગ 150 મતદાર મતદાન કરવા માટે આ ત્રણેય ગામોમાં જશે.

સાતપુડાની તળેટીમાં વસેલા ખાપર ગામમાં આશરે 50 ઘરોમાં અઢીસો લોકો વસે છે. ગામમાં ન તો વીજળીના થાંભલા છે, ન પ્રાથમિક શાળા, ન તો પાકા રસ્તા. તાજેતરમાં હેન્ડપંપ બનાવવામાં આવ્યા છે, જેનાથી ગ્રામજનોના જીવનમાં સહેજ રાહત થઈ છે. સૌથી ખેદજનક હકીકત એ છે કે આ ગામની કોઈ સત્તાવાર ઓળખ નથી-ન તો નકશામાં સ્થાન, ન તો પંચાયતમાં અસ્તિત્વ. ગયા વર્ષે ડેડિયાપાડાના તલાટી કમ વિકાસ અધિકારીએ ખાપર ગામની મુલાકાત લઈ સોલિયા તાલુકા પંચાયત બેઠકમાં ગામનો સમાવેશ કર્યો હતો. છતાં આ વખતે મતદાન માટે ૨૮ કિમી દૂર જવાનો વારો જ આવ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ 150 મતદારને મતદાન કરવા માટે આશરે 15,000 રૂપિયાનો ખર્ચ થાય છે. ગરીબ મતદારો માટે આ રકમ મોટી અસર કરે છે.

## ભરૂચ જિલ્લામાં 956 ઉમેદવારનું ભાવિ નક્કી થશે

નેત્રંગ, ભરૂચ: આજે ભરૂચ જિલ્લા-તાલુકા પંચાયત-નગરપાલિકા ચૂંટણીની 336 બેઠક માટે 10.86 લાખ મતદાર 956 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે. ચારેય પાલિકા માટે 219 અને જિલ્લા-તાલુકા પંચાયત માટે 1134 મતદાન મથકે મતદાન થશે. બીજી તરફ 4 પાલિકા 33 વોર્ડની 126 બેઠકની 345 ઉમેદવાર વચ્ચે ચૂંટણીમાં 2.19 લાખ મતદાર અને જિલ્લા પંચાયત માટેની ચૂંટણીમાં, 33 બેઠક માટે 111 ઉમેદવાર અને 9 તાલુકાની 177 બેઠક માટે 500 ઉમેદવાર વચ્ચે ચૂંટણીમાં કુલ 8.67 લાખ મતદાર મતદાન કરશે. તમામ મતદાન મથકોએ પોલિંગ સ્ટાફની વ્યવસ્થા અને મતદાન મથકો સહિતના જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કડક સુરક્ષાના પ્રબંધો હાથ ધરાયા છે. કુલ 348 પૈકી 12 બિનહરીફ બાદ 336 બેઠક માટે 10.86 લાખ મતદારો 956 ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે, જેમાં ચારેય નગરપાલિકા માટે 219 અને જિલ્લા તાલુકા પંચાયત માટે 1134 મતદાન મથકોએ મતદાન થશે.

નેત્રંગ તાલુકામાં ૮ કનેક્ટિવિટી વિનાનાં મતદાન મથક વાંકોલ, ઉમરખડા, વણખુંટા, મચામડી, કોલીયાપાડા, સજણવાવ, મુંગજ અને પિંગોટ-રમાં વોકીટોકીથી સંદેશા વ્યવહાર કરાશે.

**સોનગઢ-ઉકાઈ ચૂંટણીમાં તંત્રની ઘોર બેદરકારી: જમવાની ગેરવ્યવસ્થા બદલ સુરતની એજન્સીને કારણદર્શક નોટિસ**

## ચૂંટણી ડ્યૂટી કે અગ્નિપરીક્ષા? કલાકો બાદ પણ કર્મચારીઓને સરખું ભોજન ન મળ્યું!



સોનગઢ: સોનગઢ તાલુકા અને ઉકાઈમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે, જેમાં ધોમધખતા તાપમાં ફરજ બજાવતા 400થી વધુ કર્મચારીઓ અને પોલીસ જવાનોને સમયસર જમવાનું ન મળતાં ભારે રોષ ફેલાયો છે. એક તરફ સોનગઢમાં કર્મચારીઓ કલાકો સુધી ભૂખ્યા રહેવા મજબૂર બન્યા હતા, તો બીજી તરફ ઉકાઈમાં પૂરા પાડવામાં આવેલા ભોજનની ગુણવત્તા એટલી હલકી હતી કે ચૂંટણી અધિકારીએ જાતે જ જમવાનું પરત મોકલી દીધું હતું. આ સમગ્ર ઘટના બાદ જમવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી ભૂમિ નામની એજન્સી સામે અનેક સવાલો ઊઠી રહ્યા છે. ચૂંટણી પૂર્વે પ્રેસ કોન્ફરન્સમાં તંત્રએ બધી જ તૈયારીઓ પૂર્ણ હોવાના દાવા કર્યા હતા, પરંતુ વાસ્તવિકતામાં વ્યવસ્થાના લીરેલીરા ઊડ્યા છે. ભરતાપે ભૂખ્યા પેટે ફરજ બજાવતા કોઈ કર્મચારીની તબિયત બગડે તો તેની જવાબદારી કોણ લેશે તેવો સવાલ ઉઠાવી સ્થાનિકોમાં વહીવટી તંત્રની કાર્યપદ્ધતિ સામે કડક તપાસની માંગ કરવામાં આવી રહી છે.

આ મામલે ચૂંટણી અધિકારી અને મામલતદાર સાહેબ (ઉકાઈ) નો સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓના ભોજન બાબતે ગંભીર બેદરકારી દાખવનાર સુરતની ભૂમિ એન્ટરપ્રાઇઝ નામની એજન્સી સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. વહીવટી તંત્ર દ્વારા આ એજન્સીને તાત્કાલિક કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે અને તેને બ્લેકલિસ્ટ કરવા અંગે કલેક્ટરનું ધ્યાન દોરવામાં આવ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ખામીયુક્ત ભોજન જણાતાં તેને તુરંત પરત કરવામાં આવ્યું હતું અને મતદાન મથક પર જ કર્મચારીઓ માટે તાત્કાલિક અન્ય ભોજનની વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી, જેથી કોઈ પણ કર્મચારીને અગવડ ન પડે અને ચૂંટણીની કામગીરી સુચારુ રીતે ચાલતી રહે.


Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Behrupiyo-Gujarati
06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**સરદાર બાગાયત સહકારી મંડળી લી.**
‘કદળી સદન’ સરદાર બાગ, બારડોલી-૩૯૪૬૦૧, જી. સુરત.

‘સભાસદ જોગ’ : વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી સભાસદ ભાઈઓ તથા બહેનોને જણાવવાનું કે સંસ્થાની ૮૦મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૨-૦૫-૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૯.૧૫ કલાકે શ્રી ચરોતરીયા લેઉવા પાટીદાર સમાજ હોલ ગંગાધરા મુકામે રાખવામાં આવેલ છે. તો હાજર રહેવા વિનંતી.

તા.ક. સભાસદોને તા.૦૩.૦૫.૨૦૨૬ સુધીમાં વાર્ષિક અહેવાલ ન મળે તો સંસ્થાની ઓફિસથી મેળવી લેવા વિનંતી.

સ્થળ : શ્રી ચરોતરીયા લેઉવા પાટીદાર સમાજ હોલ, વિજયાબાગ, પેટ્રોલ પંપની સામે, ગંગાધરા.

લિ. આપનો વિશ્વાસુ
માનદ્ મંત્રીશ્રી
ભરતભાઈ નાથુભાઈ પટેલ
સરદાર બાગાયત સહકારી મંડળી લી. બારડોલી